| કુલ ગુણ | 200 |
|---|---|

419

# COMPUTER
(Gujarati Medium)

| કેટેગરી |
|---|
| A |

419-COMPUTER

A 41901331

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપવાઇઝરની સહી

| પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ | |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં |
| (2) | પરીક્ષા દરમ્યાન પરીક્ષાર્થી પાસેથી કોઈ પણ સાહિત્ય ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્ત લિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, કેલક્યુલેટર, સ્પાય કેમરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનું જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (5) | ઉત્તરપત્ર (OMR SHEET) માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (6) | ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર (OMR SHEET) નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (7) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં. |
| (8) | પ્રશ્નપત્રમાં આપેલ વિકલ્પોમાં કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં. |
| (9) | આ કસોટી પત્રમાં કુલ -200 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે ?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, OMR SHEET માં વિકલ્પ (B) નું વર્તુળ ઘૂંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ ● Ⓒ Ⓓ |
| (10) | પ્રત્યેક સાચા જવાબદીઠ 1 (એક) ગુણ મળવાપત્ર થશે. પ્રત્યેક ખોટા ઉત્તર માટે 0.25 ગુણ કપાશે (નેગેટીવ 0.25) જો ઉમેદવાર કોઇ પ્રશ્નનો ઉત્તર આપવા માંગતા ન હોય તો વિકલ્પ E પસંદ કરવાનો રહેશે. વિકલ્પ E માટે નેગેટીવ ગુણ રહેશે નહી. |
| (11) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટે 0.25 નેગેટીવ ગુણ મળશે. |
| (12) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (13) | આ પરીક્ષાનો સમય 180 મિનિટનો છે. |
| (14) | સૌથી યોગ્ય વિકલ્પ જવાબ તરીકે ધ્યાને લેવાશે . |

(1) ગુજરાતી સાહિત્યના ઈતિહાસ સાથે બંધબેસતું વિધાન નીચે પૈકી કયું છે ?

(A) પ્રેમાનંદ ભટ્ટ અને શામળ ભટ્ટ એ સગુણ ભક્તિ પરંપરાના સાહિત્યમાં મુખ્ય હતા.

(B) નરસિંહ મહેતા અને અખો એ નિર્ગુણ ભક્તિ પરંપરાના સાહિત્ય માટે વધુ જાણીતા બન્યા હતા.

(C) નર્મદ, દલપતરામ અને મીરા એ સુધારક યુગના કવિઓ તરીકે ઓળખાયા.

(D) રામનારાયણ વિ. પાઠક, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ વગેરે આધુનિક યુગના કવિઓ કહેવાયા.

(2) પ્રથમ ગુજરાતી શબ્દકોશની રચના .............. એ કરી હતી.

(A) નવલરામ પંડ્યા

(B) ગોંડલના રાજવી ભગવતસિંહજી

(C) ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

(D) નર્મદાશંકર લાલશંકર દવે

(3) વિધાન (Assertion) : સામાન્યત : વનસ્પતિ લીલા રંગની જોવા મળે છે.

કારણ (Reason) : વનસ્પતિ પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા પોતાનો ખોરાક બનાવે છે.

(A) વિધાન અને કારણ બંને સાચાં છે, પરંતુ કારણ એ વિધાન માટેની યોગ્ય સમજૂતિ નથી.

(B) વિધાન સાચું છે અને કારણ ખોટું છે.

(C) વિધાન ખોટું છે અને કારણ સાચું છે.

(D) વિધાન અને કારણ બંને સાચાં છે, અને કારણ એ વિધાન માટેની યોગ્ય સમજૂતિ છે.

(4) વિગતો વાંચો અને નક્કી કરો કે ☐ માટે કયો વિકલ્પ આવશે.

મેરીકોમ : બોક્સિંગ તો દીપા કરમાકર : ☐

(A) લાંબી કૂદ

(B) દોડ

(C) જિમ્નેસ્ટિક

(D) રેસલિંગ

(5) અહીં આપેલાં ક્ષેત્રોના ક્રમ (ડાબીથી જમણી) મુજબ મહાન વિભૂતિઓને જોડતાં કયો વિકલ્પ સાચો થાય ?

કલા → સમાજ સેવા → ઉદ્યોગ → રાજનીતિ

(A) રવિશંકર રાવળ → મદર ટેરેસા → અમર્ત્યસેન → અટલ બિહારી વાજપેયી

(B) પંડિત રવિશંકર → વિનોબા ભાવે → ધીરુભાઈ અંબાણી → ડૉ. રામમનોહર લોહિયા

(C) આર. કે. નારાયણ → ઈલા ભટ્ટ → જનરલ સામ માણેકશા → એ.પી.જે. અબ્દુલ કલામ

(D) બિસ્મિલ્લાહ ખાન સાહેબ → હોમી ભાભા → જહાંગીર રતનજી ટાટા → ચક્રવર્તી રાજગોપાલાચારી

(6) ભારતના ઇતિહાસ માટે સમયરેખાના સંદર્ભમાં (ઇ.સ. પૂર્વેથી આગળ) નીચેની વિગતો માટે કયો ક્રમ સાચો ?

(i) લોથલનો ધક્કો (Dockyard)

(ii) ગુપ્ત સામ્રાજ્ય

(iii) ભીમબેટકાનાં ગુફાચિત્રો

(iv) જનપદનો ઉદય

(A) iii → i → iv → ii

(B) iii → iv → i → ii

(C) iii → i → ii → iv

(D) iii → iv → ii → i

(7) સપ્ટેમ્બર-2025 સુધીની માહિતી મુજબ યુનેસ્કો દ્વારા ઘોષિત ન થયેલ 'વિશ્વ વિરાસત સ્થળ' કયું ?

(A) કાઝિરંગા રાષ્ટ્રીય ઉદ્યાન, અસમ

(B) શાંતિ નિકેતન, પશ્ચિમ બંગાળ

(C) વડનગર શહેર, ગુજરાત

(D) છત્રપતિ શિવાજી ટર્મિનલ, મહારાષ્ટ્ર

(8) અહીં આપેલા વિકલ્પોમાંથી ભારતની નદીઓને તેના ઉદ્ગમ સ્થાન (origin) સાથે જોડતો સાચો વિકલ્પ કયો ?

| નદીઓ | ઉદ્ગમસ્થાન |
|---|---|
| (a) બ્રહ્મપુત્રા | (i) પૂર્વઘાટ |
| (b) ગોદાવરી | (ii) વિંધ્ય અને સાતપુડા પર્વતમાળા |
| (c) નર્મદા | (iii) હિમાલય પર્વતમાળા |
| (d) મહાનદી | (iv) પશ્ચિમ ઘાટ |

(A) (a) iii, (b) iv, (c) ii, (d) i

(B) (a) iii, (b) i, (c) ii, (d) iv

(C) (a) iii, (b) iv, (c) i, (d) ii

(D) (a) i, (b) iv, (c) ii, (d) iii

(9) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 મુજબ શાળાશિક્ષણ માટે અભ્યાસક્રમ અને શિક્ષણશાસ્ત્રનું પુનર્ગઠિત માળખું કયું ?

(A) 3 + 2 + 3 + 3 + 4

(B) 5 + 3 + 3 + 4

(C) 5 + 3 + 2 + 2

(D) 5 + 6 + 2 + 2

(10) 'શિક્ષકમાં ક્ષમતા નિર્માણ' માટે NEP-2020માં CPDની ભલામણ કરવામાં આવી છે. અહીં CPD એટલે...

(A) Comprehensive Professional Development

(B) Continuous Professional Development

(C) Continuous Progressive Development

(D) Comprehensive Programme Development

(11) નીચે આપેલા બંને વિધાનો માટે કયો વિકલ્પ સાચો ?

(1) 200 DTH TV Channels એ 'PM evidya' - ડિજિટલ પહેલનો એક ભાગ છે, જે વિદ્યાર્થીઓને પોતાના અનુકૂળ સમયે પૂરક શિક્ષણમાં મદદ કરે છે.

(2) 'DIKSHA' એ એવું ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર શિક્ષકો માટે છે. અહીં શિક્ષક તાલીમ માટે ઑનલાઇન મૉડ્યુલ / કોર્સીસ ઉપલબ્ધ છે.

(A) વિધાન 1 સાચું છે જ્યારે વિધાન 2 ખોટું છે
(B) વિધાનો 1 અને 2 સાચાં છે.
(C) વિધાન 2 સાચું છે જ્યારે વિધાન 1 ખોટું છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

(12) NEP-2020 મુજબ વિદ્યાર્થીઓનું $360^0$ મૂલ્યાંકન એ સંદર્ભમાં શ્રેષ્ઠ વિકલ્પ કયો ?

(A) સર્વગ્રાહી પ્રગતિપત્રકની સંરચના
(B) કલા, રમતગમત અને વ્યવસાય-શિક્ષણ સંબંધિત મૂલ્યાંકનનો સમાવેશ
(C) વિષય પસંદગીમાં વિદ્યાર્થીઓને રસ-રૂચિ મુજબ છૂટ
(D) બોર્ડની પરીક્ષા વર્ષમાં બે વખત ગોઠવવી

(13) તાજેતરમાં દિલ્હીમાં ભારત મંડપમ્‌માં 16 ફેબ્રુઆરી, 2026 માં નીચે પૈકી કયા કાર્યક્રમનું આયોજન થયું હતું ?

(A) All India Energy Summit
(B) India AI Impact Summit
(C) All India Olympic Planning Summit
(D) All India Finance Planning Summit

(14) NEP:2020માં શિક્ષણમાં ટેક્નોલૉજીના વિનિયોગ માટે કઈ સંસ્થાની રચના કરવાની દરખાસ્ત કરવામાં આવી છે, જે ટેક્નોલૉજીના ઉપયોગ અંગેના વિચારોના મુક્ત આદાન-પ્રદાન માટે મંચ પૂરું પાડશે ?

(A) NCERT (National Council of Educational Research and Training)
(B) NETF (National Educational Technology Forum)
(C) NITI Aayog
(D) NCTE (National Council for Teacher Education)

(15) વર્ગખંડમાં "Flipped Classroom" મૉડલનો ઉપયોગ એટલે શું ?

(A) વર્ગખંડની બેઠક વ્યવસ્થામાં જરૂર પડે ત્યારે ફેરફાર કરી દેવો.
(B) પ્રૉજેક્ટરના ઉપયોગ દ્વારા વર્ગખંડમાં પાઠ આયોજન મુજબ ભણાવવું.
(C) શિક્ષકની ગેરહાજરીમાં વિદ્યાર્થીઓ જાતે ભણે તેવી સુવિધા કરવી.
(D) વિદ્યાર્થીઓ ઘરેથી વિષયવસ્તુનો વીડિયો જોઈને આવે અને વર્ગમાં તેના વિષેની ચર્ચા કે પ્રવૃત્તિ કરે.

(16) તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં વિશ્વના સૌથી મોટા સોલાર પાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું ?

(A) પાટણ (B) કચ્છ (C) બનાસકાંઠા (D) જામનગર

(17) ગગનયાન મિશન પહેલા અવકાશમાં જનાર ભારતના પ્રથમ "હ્યુમનોઇડ રોબોટ"નું નામ શું છે ?

(A) આકાશ મિત્ર (B) વ્યોમ મિત્ર (C) રોબો-ભારત (D) અવકાશ મિત્ર

(18) એક શાળામાં ધોરણ-9 અને 10 ના વિદ્યાર્થીઓ માટે Financial Literacy અને Environmental Awareness વિષયો શરૂ કરવામાં આવ્યાં છે. આ પ્રેક્ટિસ NEP-2020ના કયા સિદ્ધાંતરજૂ કરે છે ?

(A) મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન (B) 21મી સદીના કૌશલ્યોનો વિકાસ

(C) ક્ષમતાલક્ષી અધ્યયનને મહત્ત્વ (D) આજીવન અને નિરંતર શિક્ષણને પ્રોત્સાહન

(19) હેમેટાઇટ, મેગ્નેટાઇટ, લિમોનાઇટ અને સિડેરાઇટ - આ કઈ ધાતુના પ્રકારનાં નામ છે ?

(A) લોખંડ (B) તાંબુ (C) એલ્યુમિનિયમ (D) મેન્ગેનીઝ

(20) 21 Lessons for the 21st Century પુસ્તકનાં લેખક કોણ છે ?

(A) રસ્કીન બોન્ડ (B) અમિશ ત્રિપાઠી

(C) યુવલ નોઆ હરારી (D) ચેતન ભગત

(21) 'કેળવણી એ એકધ્રુવી પ્રક્રિયા છે' આ વિધાન માટે નીચે પૈકી કયું યોગ્ય છે ?

(A) બાળક કેન્દ્ર સ્થાને હોય છે. (B) શૈક્ષણિક સામગ્રી કેન્દ્ર સ્થાને હોય છે.

(C) શિક્ષક કેન્દ્ર સ્થાને હોય છે. (D) ગુણાત્મક સુધાર કેન્દ્ર સ્થાને હોય છે.

(22) કેળવણી એટલે...

(i) માહિતી પ્રદાનની પ્રક્રિયા (ii) જ્ઞાનનું ડહાપણમાં રૂપાંતરણની પ્રક્રિયા

(iii) સ્વાવલંબનની કળા (iv) સત્યની શોધ અને પૂર્ણત્વના આવિષ્કરણની પ્રક્રિયા

(A) i, ii, iii, iv (B) i, ii, iii

(C) ii, iii, iv (D) i, ii, iii

(23) કેળવણીનો એક ઉદ્દેશ 'આત્મસાક્ષાત્કાર' છે, નીચેનું કયુ વિધાન આત્મસાક્ષાત્કારને યોગ્ય રીતે રજૂ કરે છે ?

(A) માનવને પોતાની મહત્તાઓ અને મર્યાદાનું જ્ઞાન થવું.

(B) માનવે પોતાની ઇચ્છા અનુસાર વર્તવુ.

(C) માનવનું શિસ્તબદ્ધ અને સંયમશીલ વર્તન.

(D) માનવનું માનસિક વિકારોથી મુક્ત થવું.

(24) શિક્ષણની કઈ વિચારધારાએ તત્ત્વજ્ઞાનના આધારભૂત તત્ત્વ તરીકે વિજ્ઞાનની અદ્યતન પદ્ધતિનો ઉપયોગ કર્યો ?

(A) પ્રકૃતિવાદ (B) વાસ્તવવાદ (C) વ્યવહારવાદ (D) આદર્શવાદ

(25) શિક્ષણ વ્યક્તિના રસરૂચિ, ક્ષમતા અને જરૂરિયાતો અનુસાર વિકાસ માટે છે. આ વિધાન શિક્ષણના કયા હેતુ સાથે બંધ બેસે છે ?

(A) સામાજિક હેતુ (B) વ્યક્તિગત હેતુ

(C) ઉપયોગિતાનો હેતુ (D) વિકાસાત્મક હેતુ

(26) શિક્ષણના આ સ્વરૂપમાં શિક્ષણ પ્રત્યક્ષ પણ અલ્પજીવી હોય છે.

(A) દૂરવર્તી શિક્ષણ (B) નિરંતર શિક્ષણ (C) અનૌપચારિક શિક્ષણ (D) ઔપચારિક શિક્ષણ

(27) આ પ્રકારનાં શિક્ષણમાં સાતત્ય જળવાઈ રહે તે માટે શિક્ષક કરતાં શૈક્ષણિક સામગ્રી વધુ મહત્ત્વની છે.

(A) પ્રત્યક્ષ શિક્ષણ (B) અનૌપચારિક શિક્ષણ

(C) વૈધિક શિક્ષણ (D) દૂરવર્તી શિક્ષણ

(28) કયા વાદને વિચારવાદ તરીકે પણ ઓળખવામાં આવે છે ?

(A) આદર્શવાદ (B) પ્રકૃતિવાદ

(C) વ્યવહારવાદ (D) માનવતાવાદ

(29) શિક્ષણમાં એવા વિષયોનો સમાવેશ કરવો જોઈએ કે જે બાળકોને જીવનમાં ઉપયોગી થાય. આ વિચાર કયા વાદને સુસંગત છે ?

(A) આદર્શવાદ (B) પ્રકૃતિવાદ

(C) વ્યવહારવાદ (D) માનવતાવાદ

(30) પ્રકૃતિવાદી દર્શન અનુસાર કિશોરાવસ્થા માટેનો અભ્યાસક્રમ કેવો હોવો જોઈએ ?

(A) પુસ્તકિયું જ્ઞાન નહીં પણ મુક્ત શિક્ષણ આપે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

(B) ધર્મનું શિક્ષણ આપે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

(C) આત્મરક્ષણ માટેનું શિક્ષણ આપે તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

(D) સામાજિકતાનો વિકાસ થાય તેવો અભ્યાસક્રમ હોવો જોઈએ.

(31) વિકાસ એ માનવોમાં જોવા મળતો ફેરફાર છે. આ ફેરફાર માટે શું સાચું છે ?

(A) તે પ્રમાણાત્મક અને એકાંગી ફેરફાર છે. (B) તે ગુણાત્મક અને એકાંગી ફેરફાર છે.

(C) તે પ્રમાણાત્મક અને સર્વાંગી ફેરફાર છે. (D) તે ગુણાત્મક અને સર્વાંગી ફેરફાર છે.

(32) વર્તનવાદી મનોવૈજ્ઞાનિકોના મતે અધ્યયન શું છે ?

(A) અધ્યયન એ પરિવર્તન છે.

(B) અધ્યયન એ પરિવર્તન લાવનાર પ્રક્રિયા છે.

(C) અધ્યયન એ પરિવર્તન અથવા પરિવર્તન લાવનાર પ્રક્રિયા છે.

(D) અધ્યયન એ પરિવર્તન અને પરિવર્તન લાવનાર પ્રક્રિયા બંને છે.

(33) અધ્યયન એ જ્ઞાન મેળવવાની, યાદ રાખવાની અને તેનો ઉપયોગ કરવાની સક્રિય માનસિક પ્રક્રિયા છે. અધ્યયન વિશેનો આ દૃષ્ટિકોણ કોનો છે ?

(A) વર્તનવાદી મનોવૈજ્ઞાનિકો
(B) જ્ઞાનવાદી મનોવૈજ્ઞાનિકો
(C) સમષ્ટિવાદી મનોવૈજ્ઞાનિકો
(D) માનવતાવાદી મનોવૈજ્ઞાનિકો

(34) હોવાર્ડ ગાર્ડનરના બહુવિધ બુદ્ધિના સિદ્ધાંત અનુસાર સાત પ્રકારની માનસિક શક્તિઓ હોય છે. જો કોઈ વ્યક્તિમાં આ સાત પૈકી અવકાશીય શક્તિ સવિશેષ હોય તે શું હોવાની સંભાવના મહત્તમ છે ?

(A) વૈજ્ઞાનિક
(B) કવિ
(C) શિલ્પકાર
(D) શિક્ષક

(35) પ્રેરણાના સંદર્ભમાં કયું વિધાન ખોટું છે ?

(A) પ્રેરણા વ્યક્તિની આંતરિક સ્થિતિ દર્શાવે છે.

(B) પ્રેરણા વ્યક્તિની જરૂરિયાતોમાંથી ઉદ્ભવી શકે છે.

(C) પ્રેરણાનું ઇંદ્રિયગ્રાહ્ય અસ્તિત્વ છે.

(D) પ્રેરણા વ્યક્તિના પસંદિત વર્તનને ટકાવી રાખે છે.

(36) વ્યક્તિગત ભિન્નતાના સંદર્ભમાં કયો શૈક્ષણિક ફલિતાર્થ યોગ્ય નથી ?

(A) વર્ગના વિદ્યાર્થીઓના તેમની ક્ષમતા પ્રમાણે સ્તર બનાવી શિક્ષણ આપવું જોઈએ.

(B) વર્ગના વિદ્યાર્થીની ક્ષમતાને અનુરૂપ વ્યક્તિગત શિક્ષણ આપવું જોઈએ.

(C) વર્ગના વિદ્યાર્થીઓના શિક્ષણ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

(D) વર્ગના વિદ્યાર્થીઓને પર્યાપ્ત મહાવરો મળે તે માટે વધારે ગૃહકાર્ય આપવું જોઈએ.

(37) પરીક્ષામાં ઓછા ગુણ આવતા વિદ્યાર્થી કહે છે કે : "વિજ્ઞાના સાહેબ બહુ કડકાઈથી પેપર ચેક કરે છે." આ કઈ બચાવ પ્રયુક્તિનું ઉદાહરણ છે ?

(A) યૌક્તિકીકરણ (Rationalization)
(B) પ્રક્ષેપણ (Projection)
(C) તાદાત્મ્ય (Identification)
(D) ક્ષતિપૂર્તિ (Compensation)

(38) વિશિષ્ટ બાળક અને તેના લક્ષણને દર્શાવતી ખોટી જોડ ઓળખો.

(A) ડિસલેકસિયા ધરાવતું બાળક – શબ્દોને ખોટી રીતે વાંચે છે.

(B) ડિસકેલ્ક્યુલિયા ધરાવતું બાળક – ગાણિતિક પ્રક્રિયામાં ભૂલો કરે છે.

(C) ડિસગ્રાફિયા ધરાવતું બાળક – ગ્રાફ દોરવામાં મુશ્કેલી અનુભવે છે.

(D) ઓટીઝમ ધરાવતું બાળક – આંખનો સંપર્ક કરીને વાત કરી શકતું નથી.

(39) સૂચના : 1 થી 5 માંથી તમને યોગ્ય લાગતા અંકની નીચેના ખાનામાં ✓ ની નિશાની કરો.

પ્રશ્ન : ગણિત વિષય તમને કેવો લાગે છે ?

| | 1 | 2 | 3 | 4 | 5 | |
|---|---|---|---|---|---|---|
| રસપ્રદ | | | | | | કંટાળાજનક |

આ વલણ માપદંડનું સ્વરૂપ કયા પ્રકારનું છે ?

(A) લિકર્ટ (Likert)

(B) થર્સ્ટન (Thurston)

(C) ગટમેન (Guttman)

(D) ઓસગુડ (Osgood)

(40) કયા સમયગાળામાં માનવશરીર વૃદ્ધિ મહત્તમ થાય છે.

(A) ગર્ભાવસ્થા (B) શિશુઅવસ્થા (C) કિશોરાવસ્થા (D) તરુણાવસ્થા

(41) વિકાસના સંદર્ભમાં ખોટું વિધાન પસંદ કરો.

(A) બાળકનો વિકાસ મસ્તકથી પગની દિશામાં થાય છે.

(B) બાળક પહેલા ખભાના સ્નાયૂઓ પર કાબુ મેળવી પછી ક્રમશઃ કોણી, કાંડુ, હથેળી અને છેવટે ટેરવાં પર અંકુશ મેળવે છે.

(C) દુનિયાના દરેક બાળકની વિકાસ-તરાહ એક સમાન હોય છે. તમામ બાળકો તરુણાવસ્થા દરમિયાન જાતિય ફેરફારો અનુભવે છે.

(D) બાળક પહેલાં આંગળીઓ વડે પકડી પછી હાથને અને છેવટે સમગ્ર શરીરને હલાવે છે.

(42) જ્ઞાનતંત્રની ખામી / ક્ષતિ ધરાવતા અધ્યેતાને શું કહેવામાં આવે છે ?

(A) અધ્યયન અક્ષમતા

(B) સ્નાયવિક વિકલાંગતા

(C) સાંવેગિક રીતે અપવાદરૂપ

(D) સામાજિક અને સાંસ્કૃતિક રીતે પછાત

(43) કેટલાંક તરુણ પોતાની જાતને તેંડુલકર, અમિતાભ બચ્ચન, માધુરી દીક્ષિત માનીને પોતાના દરજ્જાની જરૂરિયાત સંતોષે છે. આ શાનું ઉદાહરણ છે !

(A) યૌક્તિકીકરણ

(B) તાદાત્મ્ય

(C) અતિપૂર્તિ

(D) આરોપણ

(44) વિકસિત પ્રાણી કે બુદ્ધિશાળી (હોંશિયાર) માનવી માટે કયા પ્રકારનું અધ્યયન ઉપયુક્ત છે ?

(A) અભિસંધાન દ્વારા અધ્યયન
(B) પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયન
(C) અભિક્રમિત અધ્યયન
(D) આંતરસૂઝ દ્વારા અધ્યયન

(45) અજાગ્રત ઇચ્છાઓની અસર જાગ્રત વર્તન પર પડ્યા વિના રહેતી નથી. આ સિદ્ધાંત કયો છે ?

(A) મેકડૂગલનો સહજવૃત્તિનો સિદ્ધાંત
(B) ફ્રોઇડનો દમન-આનંદ અને જીવનનો સિદ્ધાંત
(C) મેસ્લોનો માનવ પ્રેરણાનો સિદ્ધાંત
(D) મેકલેલેન્ડનો સિદ્ધિ પ્રેરણાનો સિદ્ધાંત

(46) 1956માં આવેલ બ્લૂમ ટેક્સોનોમી (વર્ગીકરણ)માં વર્ષ 2001માં શો મુખ્ય ફેરફાર કરવામાં આવ્યો ?

(A) સંશ્લેષણ (Synthesis)ને બદલે સર્જન (Creating) કરવામાં આવ્યું.
(B) મૂલ્યાંકન (Evaluation) ને સૌથી ઉપર મૂકવામાં આવ્યું.
(C) ઉપયોજન (Application )ને એક સ્તર નીચે લઈ જવામાં આવ્યું.
(D) ઉપયોજન (Application) અને વિશ્લેષણ (Analysis)ની વચ્ચે સર્જન નું સ્તર ઉમેરવામાં આવ્યું.

(47) આપેલા પ્રાપ્તાંકોનું પ્રમાણ વિચલન શોધો : 10, 20, 30, 40, 50

(A) 10
(B) 0
(C) 15
(D) 30

(48) વર્ગશિક્ષણ દરમિયાન શિક્ષક કહે કે, 'આ એકમ અઘરો લાગે છે ? ચાલો ફરી સમજાવુ, મઝા પડશે.' આ વર્ગવ્યવહારનું કયુ ઘટક છે ?

(A) લાગણી સ્વીકાર
(B) પ્રોત્સાહન કે વખાણ
(C) વિદ્યાર્થીના વિચારનો સ્વીકાર
(D) વિદ્યાર્થીની પહેલ

(49) અધ્યયન તરીકે આકલન (Assessment as Learning)ને સમજાવતું વિધાન કયું છે ?

(A) પૂર્વ નિર્ધારિત હેતુઓના આધારે વિદ્યાર્થી કેટલું અધ્યયન કરી શક્યો તે માહિતી શિક્ષક મેળવે છે.
(B) શૈક્ષણિક કાર્યક્રમની અસરકારકતા કેવી રહી તે માહિતી મેળવવા માટે કરવામાં આવે છે.
(C) આગામી અધ્યાપન વધુ સારૂ કઈ રીતે બની શકે, જેનાથી વિદ્યાર્થીઓનું અધ્યયન સુધરે તે જાણવા કરવામાં આવે છે.
(D) આકલન દરમિયાન પણ અધ્યયન થાય છે, જ્યારે વિદ્યાર્થી સ્વઆકલન કરે છે અથવા શિક્ષકે આપેલ પ્રતિપોષણ પર ચિંતન કરે છે.

(50) વિદ્યાર્થીના વ્યક્તિત્વ, વર્તન કે બિનવિદ્યાકીય નિષ્પત્તિનું મૂલ્યાંકન કરવા કયુ સાધન ઉપયોગમાં લેવું હિતાવહ છે !

(A) પ્રશ્નાવલિ
(B) ક્રમમાપદંડ
(C) સિદ્ધિકસોટી
(D) નિદાનકસોટી

(51) તે માઈક્રોટિચિંગનું લક્ષણ નથી.

(A) તે એક નિયંત્રિત વ્યવહાર પદ્ધતિ છે.

(B) તે અધ્યાપન કૌશલ્યો શીખવતી વાસ્તવિક પરિસ્થિતિ છે.

(C) તેમાં એક સમયે એક જ કૌશલ્ય શીખવા પર ધ્યાન અપાય છે.

(D) તે નિશ્ચિત સમય અવધિમાં થતી કામગીરી છે.

(52) તે મૂલ્યાંકનનું લક્ષણ નથી.

(A) મૂલ્યાંકન સતત ચાલતી પ્રક્રિયા છે.
(B) મૂલ્યાંકન પરિવર્તનલક્ષી છે.

(C) મૂલ્યાંકન શિક્ષણને ગતિશીલ બનાવે છે.
(D) મૂલ્યાંકન એ શિક્ષણનું સાધ્ય છે.

(53) જો કોઈ કસોટીનું કઠીનતા મૂલ્ય 0 થી 100 માં વિચારવામાં આવે તો તેનું મૂલ્ય કેટલું હોય તો સારું ગણાય ?

(A) 10 અને 20 ની વચ્ચે
(B) 20 થી ઓછું

(C) 20 થી 80 ની વચ્ચે
(D) 80 થી વધુ

(54) વક્રરેખા સમધારણ હોવાને બદલે વચ્ચેના ભાગેથી વધુ અણીદાર હોય તો આ ખામીને શું કહેવાય ?

(A) ચર્પટકકુદતા
(B) કૂટકકુદતા
(C) ધન વિરૂપતા
(D) ઋણ વિરૂપતા

(55) પોતાના કાર્યોમાં સુધારણા લાવવા માટે કાર્ય કરનાર દ્વારા જ હાથ ધરાતા સંશોધનને શું કહે છે ?

(A) સૈદ્ધાંતિક સંશોધન
(B) વ્યક્તિગત સંશોધન

(C) મૂળગત સંશોધન
(D) ક્રિયાત્મક સંશોધન

(56) નીચે ખાલી જગ્યામાં યોગ્ય ગાણિતિક સંજ્ઞા મૂકી સમીકરણ સાચું બનાવો.

45 ____ 9 ____ 5 ____ 10

(A) ÷ , + , =
(B) ÷ , × , =

(C) = , × , +
(D) ÷ , = , –

(57) દરરોજ સવારે ટાવર-Aનો પડછાયો ટાવર-B પર પડે છે. સાંજે ટાવર-Bનો પડછાયો ટાવર-A પર પડે છે. તો ટાવર-B એ ટાવર-Aની કઈ દિશામાં આવેલ હશે ?

(A) ઉત્તર
(B) દક્ષિણ
(C) પૂર્વ
(D) પશ્ચિમ

(58) M એ P નો પુત્ર છે. Q એ O ની પૌત્રી છે. O એ P નો પતિ છે. તો M નો O સાથે સંબંધ શું હશે ?

(A) પિતા
(B) માતા
(C) પુત્ર
(D) પુત્રી

(59) 1, 5, 14, 30, ____ , 91 ખૂટતી સંખ્યા કઈ હશે ?

(A) 55
(B) 51
(C) 35
(D) 45

(60) નીચેનામાંથી બાકીની સંખ્યાઓથી જુદી પડતી સંખ્યા કઈ છે ?


16, 25, 36, 62, 144, 196, 225

(A) 25 (B) 62 (C) 144 (D) 196

(61) ચાર બાળકો એક જ હારમાં બેઠા છે. A એ b ની બાજુની સીટ પર છે, પણ Cની બાજુ નહીં. જો C એ Dની બાજુમાં બેઠો ન હોય, તો Dની બાજુની સીટમાં કોણ બેઠું હશે ?

(A) B (B) B અને A (C) કંઈ ન કહી શકાય (D) A

(62) નીચે આકૃતિમાં દર્શાવ્યા મુજબ આઠ વ્યક્તિઓ કેન્દ્રની સામે મુખ રાખીને બેઠા છે. જો દરેકનું સ્થાન ઘડિયાળની વિરુદ્ધ દિશામાં ત્રણ સ્થાન ખશે, તો નીચે પૈકી કઈ ઘટના નહીં બને ?




(A) Bનું મુખ પૂર્વ તરફ હશે. (B) Fનું મુખ પશ્ચિમ તરફ હશે.

(C) Aનું સ્થાન અગ્નિમાં હશે. (D) Eનું સ્થાન ઈશાનમાં હશે.

(63) એક વિદ્યાર્થી દક્ષિણ તરફ 12 કિ.મી. અંતર કાપે છે, પછી જમણી બાજુએ વળી 10 કિ.મી. અંતર કાપે છે, ફરી જમણી બાજુએ વળી 12 કિ.મી. અંતર કાપે છે. તો તે વિદ્યાર્થી પ્રસ્થાન બિંદુથી કેટલો દૂર હશે ?

(A) 22 કિ.મી. (B) 44 કિ.મી. (C) 12 કિ.મી. (D) 10 કિ.મી.

(64) 'AUDITORIUM' શબ્દનો ઉપયોગ કરી કયો શબ્દ ન બને ?

(A) ADMIN (B) AUDITOR (C) AURUM (D) RADIO

(65) શ્રેણીમાં આગળનું પદ કયું આવે ?

AA11, BB48, CC927, DD1664, ......................

(A) EE 1525 (B) EE 2525 (C) EE 25125 (D) EE 2515

(66) આગળની આકૃતિઓ મુજબ છેલ્લી આકૃતિમાં ? માં કઈ સંખ્યા આવશે ?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 48 | | | 63 | | | 56 | |
| 42 | 18 | 8 | 45 | 15 | 21 | 51 | ? | 8 |
| | 14 | | | 9 | | | 17 | |

(A) 10 (B) 13 (C) 17 (D) 21

(67) આપેલા વિધાનના સારાંશ માટે શું સાચું ?

વિધાન : ભારત બહુવિધ ભાષાઓનો દેશ છે.

સારાંશ :

(1) બધા ભારતીયોએ એકથી વધુ ભાષા શીખવી જોઈએ.

(2) દરેક દેશ બહુવિધ ભાષાઓ ધરાવે છે.

(A) સારાંશ 1 સાચું અને 2 ખોટું છે. (B) બંને સારાંશ સાચાં છે.

(C) બંને સારાંશ ખોટાં છે. (D) સારાંશ 1 ખોટું અને 2 સાચું છે.

(68) જો ઘડિયાળમાં 5:40 વાગ્યા હોય, તો દર્પણમાં પ્રતિબિંબમાં કેટલો સમય બતાવશે ?

(A) 4:50 (B) 7:40 (C) 6:20 (D) 2:40

(69) એક લીપ યરમાં કેટલા કલાક હોય છે ?

(A) 8760 (B) 8670 (C) 8784 (D) 8874

(70) જો '+' નો અર્થ '×' થતો હોય, '–' નો અર્થ '+' થતો હોય અને '×' નો અર્થ '÷' થતો હોય તો

$[(5 + 6) - 6] \times 12 =$ ..................

(A) 60 (B) 03 (C) 05 (D) 04

(71) કયા વાક્યમાં અવ્યયનો ઉપયોગ થતો નથી ?

(A) તે પાસ થયો કેમ કે તેણે ખૂબ મહેનત કરેલી. (B) શાબાશ છે એ બહાદૂર જુવાનને !

(C) એ પ્રાણઘાતક અકસ્માતથી તે મરી જાત. (D) એ ચોરની પેઠે ઘરમાં ઘૂસ્યો.

(72) કયું વાક્ય કર્મણિ પ્રયોગમાં નથી ?

(A) તને વિમાન દેખાય છે ? (B) મેં શીર્ષાસન કર્યું.

(C) મને વાત સમજાય છે. (D) મારે આસને બેસવું છે.

(73) A સાથે Bનાં સાચાં જોડકાં દર્શાવતો વિકલ્પ કયો છે ?

| A | B |
|---|---|
| (a) લખવાનું આપોને | (i) ભવિષ્યકૃદંત |
| (b) માગ્યા મેહ વરસે નહીં | (ii) સંબંધક ભૂ.કૃ. |
| (c) લખી લખીને થાક્યો | (iii) હેત્વર્થ |
| (d) વાંચવા આવજો | (iv) ભૂતકૃદંત |

(A) (a) i, (d) ii, (b) iii, (c) iv (B) (b) i, (c) ii, (d) iii, (a) iv

(C) (c) i, (b) ii, (d) iii, (a) iv (D) (a) i, (c) ii, (d) iii, (b) iv

(74) કયા જોડકામાંના શબ્દો એક પ્રકારનો જ સમાસ દર્શાવે છે ?

(A) તપોધન, પાઠ્યેતર
(B) ઘનશ્યામ, કાપુરુષ
(C) કલ્પલતા, શ્રીયુત
(D) શેષશાયી, સ્વચ્છંદ

(75) એ શબ્દ શોધો કે જેનો અર્થ અન્ય કરતાં ભિન્ન છે.

(A) પુંડરિક
(B) પર્યંક
(C) રાજીવ
(D) શતદલ

(76) સાચી જોડણી પસંદ કરો.

(A) હિમસૂતા
(B) હીમસુતા
(C) હીમસૂતા
(D) હિમસુતા

(77) એ, થી, થકી, વડે વગેરે પ્રત્યયો કઈ વિભક્તિમાં આવે છે ?

(A) સંપ્રદાન
(B) અપાદાન
(C) સંબંધ
(D) કરણ

(78) પોતાની વાતને કે વિષયને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરતા ગદ્યને કયા પ્રકારનું ગદ્ય કહેવામાં આવે છે ?

(A) વાદાત્મક
(B) વિવરણાત્મક
(C) વર્ણનાત્મક
(D) ભાવાત્મક

(79) તમતમારે, જુદાજુદા, દૂરદૂરથી વગેરે કયા પ્રકારના શબ્દો છે ?

(A) નામયોગી શબ્દો
(B) સંયુક્ત શબ્દો
(C) સામાસિક શબ્દો
(D) દ્વિરુક્તિવાળા શબ્દો

(80) નીચેનામાંથી પરિમાણવાચક વિશેષણ જણાવો.

(A) આટલું
(B) આવું
(C) કડવું
(D) પહેલું

(81) નીચેનામાંથી કયા વિકલ્પમાં તમામ શબ્દોની જોડણી વ્યાકરણની દૃષ્ટિએ સંપૂર્ણ સાચી છે ?

(A) શારીરિક, આશીર્વાદ, જિજીવિષા, સુશ્રુષા
(B) શારીરિક, આશીર્વાદ, જિજીવિષા, શુશ્રૂષા
(C) શારિરીક, આશિર્વાદ, જીજીવિષા, શુશ્રુષા
(D) શારીરીક, આશિર્વાદ, જિજીવીષા, શુશ્રૂષા

(82) નીચેનામાંથી કયો શબ્દ 'અશ્વ'નો પર્યાયવાચી શબ્દ નથી ?

(A) હાય
(B) વાજી
(C) તોખાર
(D) કુંજર

(83) વાક્યશુદ્ધિના નિયમ અનુસાર નીચેનામાંથી વ્યાકરણની દૃષ્ટિએ શુદ્ધ વાક્ય પસંદ કરો.

(A) મેં આજે એક ગાય અને એક બળદને આવતી જોઈ.
(B) મેં આજે એક ગાય અને એક બળદ આવતાં જોયાં.
(C) મેં આજે એક ગાય અને એક બળદ આવતા જોયો.
(D) મેં આજે એક ગાય અને બળદને આવતી જોઈ.

(84) નીચેના વાક્યમાં વ્યાકરણીય રીતે કયો શબ્દપ્રયોગ ખોટો છે ? "તેણે મને સહૃદયતાપૂર્વક આવકાર આપ્યો."

(A) તેણે (B) સહૃદયતાપૂર્વક (C) આવકાર (D) આપ્યો

(85) લેખનકાર્ય કરતી વખતે વાક્યના અંતે કે વચ્ચે કોઈ વિગત લખવાની બાકી રહી ગઈ હોય, ત્યારે તેને ઉમેરવા માટે કયા ચિહ્નનો ઉપયોગ થાય છે ?

(A) લોપચિહ્ન (') (B) કાકપદ / હંસપદ (^) (C) લઘુરેખા (–) (D) ફુદડી (*)

(86) Pair the words with their antonyms.

| Words | Antonyms |
|---|---|
| (a) lazy | (i) diligent |
| (b) active | (ii) blunt |
| (c) sharp | (iii) inert |
| (d) fertile | (iv) barren |

(A) (c) i, (d) ii, (a) iii, (b) iv (B) (a) ii, (c) iii, (b) i, (d) iv

(C) (c) ii, (d) i, (b) iii, (a) iv (D) (a) i, (d) iii, (c) ii, (b) iv

(87) Which word has no suffix.

(A) Health (B) Library (C) Embrace (D) Marriage

(88) Find out the odd pair.

(A) proud - pride (B) bond - bind (C) grieve - grief (D) lose - loss

(89) Arrange these sentences in proper order to describe an accident-scene.

(i) Passengers were told to be ready to quit the ship.

(ii) Everyone knew there was fire on board.

(iii) Smoke oozed up between the planks.

(iv) Flames broke out here and there.

(v) Most people bore the shock bravely.

(A) iii, ii, v, iv, i (B) i, ii, iv, iii, v (C) iv, iii, ii, v, i (D) iii, iv, ii, i, v

(90) Select the sentence with almost similar meaning to the sentence "At the moment the duck looked exhausted."

(A) The duck looked dreadful (B) The duck was looking for a place to hide

(C) The duck looked very tired. (D) The duck seemed unhappy.

(91) Put proper preposition in the blank. He was looking ............... his lost keys.

(A) at (B) for (C) after (D) into

(92) ................. he finds a job, his family will starve. Fill in the blank with proper word.

(A) It (B) Unless (C) As (D) However

(93) The harder you work, the .............. result you will get.

(A) good (B) best (C) better (D) lower

(94) Select the similar word for <u>Inventory</u>.

(A) Summary (B) Schedule (C) Index (D) Questionnaire

(95) All the crows are black. We ............... find a white crow, put proper adverb to complete the sentence.

(A) frequently (B) usually (C) rarely (D) always

(96) Which expression best conveys the idea ?

(A) During the curfew, the streets wearing desolate look.

(B) During the curfew, the streets wore a desolate look.

(C) During the curfew, the streets have had worn desolate looks

(D) During the curfew, the streets has been wearing desolation looks

(97) What is the correct noun form of the verb 'compel' ?

(A) Compelation (B) Compulsion

(C) Compulsory (D) Compellment

(98) Fill in the blank with the correct preposition : "The committee is totally opposed ................. the new proposal."

(A) for (B) against (C) to (D) with

(99) Fill in the blanks with appropriate articles : "He is ................ heir to the throne and .............. honest man."

(A) a, a (B) an, a (C) an, an (D) the, a

(100) Identify the correct verb according to subject-verb Agreement : "Neither the principal nor the teachers .............. present at the meeting yesterday."

(A) was (B) were (C) are (D) is

(101) 'મલ્ટીમિડિયા' ની સંકલ્પના મુજબ સંચારણને વધુ સુગ્રથિત (structured) અને સમજણપૂર્વકનું બનાવવા માટે નીચેનામાંથી કઈ પ્રક્રિયા સૌથી મહત્વની ગણાય છે?

(A) માહિતીને માત્ર ઉચ્ચ ગુણવત્તાવાળા હાર્ડવેર પર રજૂ કરવી.

(B) લખાણ, ચિત્રો, ધ્વનિ, વિડિયો અને એનિમેશન જેવા વિવિધ માધ્યમોનું એકત્રીકરણ.

(C) માત્ર એનાલોગ ડેટાને ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કરવો.

(D) માહિતીને માત્ર ઈન્ટરનેટ માધ્યમ દ્વારા ફેલાવવી.

(102) વિડિયો અને એનિમેશનના તકનીકી તફાવત વિશે નીચેના વિધાનો ધ્યાનમાં લો:

1. વિડિયોની રચના માટે 'પ્રત્યક્ષ સમયના દશ્યો (Real time visual) નો ઉપયોગ કરવામાં આવે છે.

2. દ્વિ-પરિમાણિય એનિમેશનમાં દર્શનીય ફેરફારો માત્ર X અને Y અક્ષને અનુલક્ષીને કરવામાં આવે છે.

(A) માત્ર વિધાન 1 સાચું છે.
(B) માત્ર વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને 2 બંને સાચા છે.
(D) વિધાન 1 અને 2 બંને ખોટા છે.

(103) મલ્ટિમિડિયા વિનિયોગની યોજનામાં કયા સોપાનો અંતર્ગત દરેક સ્ક્રીનનો દેખાવું ઘટકોનું સ્થાન અને બટન પર ક્લિક કરવાથી થતી ક્રિયાઓ નક્કી કરી યોજનાને 'વાસ્તવિક રીતે દર્શનીય' બનાવવામાં આવે છે?

(A) સ્ક્રિપ્ટિંગ કે ફ્લોચાર્ટિંગ (Scripting or Flowcharting)

(B) સ્ટોરીબોર્ડિંગ (Storyboarding)

(C) પ્રોગ્રામિંગ (Programming)

(D) સંશોધન અને વિશ્લેષણ (Research and analysis)

(104) સીન્ફિગમાં કઈ પેનલ કેનવાસનો દેખાવ 'થંબનેઈલ' (Thumbnail) સ્વરૂપે દર્શાવે છે અને તેના દ્વારા ઝૂમ (zoom) કરી શકાય છે?

(A) પેરામ્સ પેનલ(Params Panel)
(B) નેવિગેટર (Navigator)
(C) લેયર્સ પેનલ (Layers panel)
(D) હિસ્ટ્રી પેનલ (History panel)

(105) સીન્ફિગમાં ઓબ્જેક્ટ તૈયાર કરતી વખતે મનગમતો રંગ પસંદ કરવા માટે નીચેનામાંથી કોનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) લેયર એડિટર (layer Editor)
(B) કેનવાસ એડિટર
(C) હિસ્ટ્રી એડિટર
(D) પેલેટ એડિટર (Palette Editor)

(106) સીન્ફિગમાં એકથી વધુ ડક્સને એકસાથે પસંદ કરવા માટે કઈ શોર્ટકટ કી વપરાય છે ?

(A) Ctrl + S
(B) Ctrl + D
(C) Ctrl + A
(D) Ctrl + C

(107) લિનક્સમાં માત્ર ખાલી ડિરેક્ટરીને દૂર કરવા માટે કયો કમાન્ડ વપરાય છે?

(A) remove
(B) rmdir
(C) del
(D) rd

(108) ડેટાબેઝમાં ડેટાનો સંગ્રહ અને તેની પુનઃપ્રાપ્તિ કરવાની રીત દર્શાવતા ડેટાબેઝના અંતર્ગત માળખાને કયા નામે ઓળખવામાં આવે છે?

(A) ડેટા પેકેજ
(B) ડેટા મોડેલ
(C) ડેટા સેટ
(D) ડેટા ટાઈપ

(109) ડેટાબેઝ મેનેજમેન્ટ સિસ્ટમમાં 'રીલેશનલ મોડેલ(Relational model) નો વિચાર ગણિતના કયા સિદ્ધાંત પર આધારિત છે?

(A) ભૂમિતિ (Geometry)
(B) સેટ થિયરી (Set theory)
(C) કેલ્ક્યુલસ (Calculus)
(D) આંકડાશાસ્ત્ર (Statistics)

(110) ડેટાબેઝ ડિઝાઈનિંગમાં ડેટાની નિરર્થકતા (Redundancy) દૂર કરવા માટે એક મોટા ટેબલને બહુવિધ નાના ટેબલ્સમાં વિભાજિત કરવાની તકનીકી પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) ડેટા ઇન્ટિગ્રેશન
(B) ડેટા – નોર્મલાઇઝેશન
(C) ડેટા વેલિડેશન
(D) ડેટા એન્ક્રિપ્શન

(111) ડેટાબેઝમાં ટેબલના જોડાણ માટે નીચેના વિધાનો તપાસો.

વિધાનઃ 1 એક કરતા વધારે ફિલ્ડના જોડાણને 'કમ્પોઝિટ ફોરેન કી' (Composite Foreign Key) કહેવામાં આવે છે.

વિધાનઃ 2 જો માસ્ટર ટેબલમાં 'કમ્પોઝિટ પ્રાઈમરી કી' હોય તો તેની સાથે સંકળાયેલા ટેબલમાં પણ કમ્પોઝિટ ફોરેન કી હોય છે.

(A) માત્ર વિધાન-1 સાચું છે.
(B) માત્ર વિધાન-2 સાચું છે.
(C) વિધાન-1 અને 2 બંને સાચા છે.
(D) વિધાન-1 અને વિધાન-2 બંને ખોટા છે.

(112) બેઝ (base) માં 'ક્વેરી' (Query) બનાવવા માટેની રીતો અને તેની લાક્ષણિકતાઓના સાચા જોડકાં જોડો.

| | વિભાગ 1 (રીત) | | વિભાગ 2 (લાક્ષણિકતા) |
|---|---|---|---|
| 1 | Design view | i | આ રીતમાં ક્વેરી વિઝાર્ડ દ્વારા માર્ગદર્શન મળે છે. |
| 2 | Wizard | ii | આ રીતમાં SQL ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે. |
| 3 | SQL view | iii | આ રીતમાં ન્યૂનત્તમ (ઓછામાં ઓછુ) માર્ગદર્શન મળે છે. |

(A) (1 - ii) (2- iii) (3-i)
(B) (1 - iii) (2- ii) (3-i)
(C) (1 - iii) (2- i) (3-ii)
(D) (1 - i) (2- ii) (3- iii)

(113) બેઝ ક્વેરીમાં 'ફૂલડી' (*) જેવા વાઈલ્ડકાર્ડ અક્ષરોનો ઉપયોગ કરતી વખતે નીચેનામાંથી કયા ઓપરેટરનો ઉપયોગ કરવો ફરજિયાત છે?

(A) AS (B) Like (C) In (D) With

(114) રીપોર્ટ વિઝાર્ડમાં ઉપલબ્ધ બધાજ ફિલ્ડ્સને એકસાથે 'Fields in report' ખાનામાં લાવવામાટે કયા બટનનો ઉપયોગ થાય છે?

(A) > (B) >> (C) < (D) <<

(115) 'Static Report' વિકલ્પ પસંદ કરવાથી અહેવાલ પર શું અસર થાય છે?

(A) ટેબલના ડેટામાં ફેરફાર કરવાથી અહેવાલમાં પણ ફેરફાર દેખાશે.

(B) અહેવાલાના ડેટામાં સીધો ફેરફાર કરી શકાશે.

(C) ટેબલના ડેટામાં ગમે તેટલા ફેરફાર કરો, અહેવાલ પર તેની કોઈ અસર થશે નહિ.

(D) અહેવાલ આપમેળે ડિલીટ થઈ જશે.

(116) ઓપન ઓફિસ બેઝમાં વિઝાર્ડ દરમિયાન 'અવેલેબલ ફિલ્ડસ'ની યાદીમાંથી કોઈ ચોક્કસ ફિલડને પસંદ કરવા માટે કયો વિકલ્પ ઉપયોગમાં લેવાય છે?

(A) CTRL + Click (B) ક્લિક (Click)

(C) ડબલ ક્લિક (Double click) (D) રાઇટ ક્લિક (Right click)

(117) GPR (General Packet Radio Service) એ કયા પ્રકારની સ્વિચિંગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને મોબાઇલ સાધનો દ્વારા ડેટા(Data communication) પ્રત્યાયન શક્ય બનાવે છે?

(A) Circuit Switched Technology (B) Message Switched Technology

(C) Pocket Switched Technology (D) Line Switched Technology

(118) વિભાગ 'અ' માં આપેલા સેટેલાઇટ ફોન ઓપરેટર્સ વિભાગ 'બ' માં આપેલ તેમની વિશિષ્ટતાઓ સાથે યોગ્ય રીતે જોડો.

| | વિભાગ અ (ઓપરેટર્સ) | | વિભાગ બ (વિશિષ્ટતાઓ) |
|---|---|---|---|
| 1 | Inmarsat | A | દુનિયાની 2/3 વસ્તીને આવરી લે છે. |
| 2 | Thuraya | B | ભારતમાં ઉપયોગ માટે પૂર્વમંજૂરી જરૂરી |
| 3 | Satphone | C | સૌથી જૂનો સેટેલાઇટ ફોન ઓપરેટર |
| 4 | ભારત સરકાર | D | સેટેલાઇટ ફોનનું ટૂંકુ નામ |

(A) (1-C), (2-A), (3-D), (4-B) (B) (1-A), (2-C), (3-B), (4-D)

(C) (1-D), (2-B), (3-C), (4-A) (D) (1-B), (2-D), (3-A), (4-C)

(119) ક્લાઉડ કમ્પ્યૂટીંગના ક્યા મોડેલમાં વ્યાવસાયિક એકમ પોતાના ભૌતિક સંસાધનો વસાવવાને બદલે હાર્ડવેરને ભાડાની સેવા તરીકે લે છે?

(A) SaaS (Software as a Service)
(B) PaaS (Platform as a Service)
(C) IaaS (Infrastructure as a Service)
(D) DaaS (Data as a Service)

(120) વિભાગ 'અ' માં આપેલ બાયોમેટ્રિક (Fingerprint) ઉપયોગના ક્ષેત્રોને વિભાગ 'બ' માં આપેલ તેના વિનિયોગ (Applications) સાથે યોગ્ય રીતે જોડો.

| | વિભાગ અ (ક્ષેત્ર) | | વિભાગ બ (વિનિયોગ) |
|---|---|---|---|
| 1 | સરકારી | A | નેટવર્ક લોગ-ઓન અને ATM કાર્ડ |
| 2 | ફોરેન્સીક | B | પાસપોર્ટ – નિયંત્રણ અને રાશનકાર્ડ |
| 3 | વાણિજ્યિક | C | ગુનાહિત વ્યક્તિ કે ત્રાસવાદીઓની ઓળખ |

(A) (1-B), (2-A), (3-C)
(B) (1-B), (2-C), (3-A)
(C) (1-C), (2-A), (3-B)
(D) (1-A), (2-B), (3-C)

(121) ડેટા સંગ્રહ માટે એવી કઈ ટેક્નીક છે જે હાર્ડવેરને કોઈ વ્યક્તિના કમ્પ્યૂટર સાથે સીધું લગાડવાને બદલે તેને નેટવર્ક સાથે જોડીને પોતાનું એક અલગ અજોડ IP એડ્રેસ આપે છે?

(A) DAS (Direct Attached Storage)
(B) NAS (Network Attached Storage)
(C) SAN (Storage Area Network)
(D) CS (Cloud Storage)

(122) નીચેનામાંથી કયો મલ્ટીમિડિયાનો મુખ્ય ઘટક નથી?

(A) Text
(B) Audio
(C) Graphics
(D) Printer

(123) Times New Roman ક્યા પ્રકારના font માં આવે ?

(A) Sans serif
(B) Serif
(C) Script
(D) Decorative

(124) એનિમેશન બનાવવા માટે Synfig Studio ક્યા પ્રકારનું સોફ્ટવેર છે ?

(A) Raster graphics software
(B) Vector graphics animation software
(C) Video editing software
(D) Audio editing software

(125) Eyedrop tool નો ઉપયોગ શેના માટે થાય છે ?

(A) લાઈન દોરવા
(B) કલર પસંદ કરવા
(C) ચિત્ર કાઢી નાખવા
(D) ટેક્સ્ટ લખવા

(126) Synfig ખોલવા માટે કઈ માર્ગ પ્રક્રિયા અપનાવવામાં આવે છે ?

(A) Applications → Graphics → Synfig Studio

(B) Applications → Office → Writer

(C) Applications → Internet → Browser

(D) Applications → Programming → Python

(127) Synfig માં એનિમેશન બનાવતી વખતે સમય નિયંત્રણ માટે કયો ભાગ ઉપયોગી છે ?

(A) Toolbar
(B) Time track
(C) Palette
(D) Canvas

(128) Render નો અર્થ શું છે ?

(A) એનિમેશનને સેવ કરવું
(B) એનિમેશનને અંતિમ ફાઈલમાં રૂપાંતરિત કરવું
(C) એનિમેશન કાઢી નાખવું
(D) એનિમેશનનું નામ બદલવું

(129) Linux માં Command Language Interpreter ને શું કહેવામાં આવે છે?

(A) Kernel
(B) Shell
(C) Editor
(D) Utility

(130) નીચે પૈકી ક્યો Shell નો પ્રકાર નથી ?

(A) Bourne Shell
(B) Korn Shell
(C) C Shell
(D) Java Shell

(131) Foreign Key નો ઉપયોગ કોના માટે થાય છે ?

(A) ટેબલ ડિલીટ કરવા
(B) ડેટા એડિટ કરવા
(C) રેકોર્ડ શોધવા
(D) બે ટેબલ વચ્ચે સંબંધ સ્થાપિત કરવા

(132) Referential Integrity નો મુખ્ય હેતુ શું છે ?

(A) ડેટા ગોઠવવો
(B) ડેટા પ્રિન્ટ કરવો
(C) ડેટાની સચોટતા જાળવવી
(D) ડેટા છુપાવવો

(133) Query બનાવવાની સૌથી સરળ રીત કઈ છે ?

(A) SQL View
(B) Design View
(C) Query Wizard
(D) Table View

(134) Query માં રેકોર્ડને ગોઠવવા માટે કયા વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Sorting
(B) Filtering
(C) Grouping
(D) Joining

(135) Form Wizard માં પ્રથમ પગલું શું છે ?

(A) Layout પસંદ કરવું
(B) Form નું નામ આપવું
(C) Fields પસંદ કરવા
(D) Data Mode પસંદ કરવો

(136) Form માં Control ની માહિતી બદલવા માટે કયું વિન્ડો ઉપયોગમાં લેવાય છે?

(A) Property Window
(B) Control Window
(C) Data Window
(D) Query Window

(137) Wi-Fi ટેક્નોલોજી કયા સ્ટાન્ડર્ડ પર આધારિત છે ?

(A) IEEE 802.3
(B) IEEE 802.11
(C) IEEE 802.15
(D) IEEE 802.16

(138) 3G ટેક્નોલોજીનો મુખ્ય ઉપયોગ શું છે ?

(A) માત્ર વૉઇસ કોલ
(B) માત્ર SMS
(C) હાઇ-સ્પીડ મોબાઇલ ડેટા અને વિડિયો કોલ
(D) માત્ર ઈ-મેઈલ

(139) કયું 3D એનિમેશન સોફ્ટવેર છે?

(A) Maya
(B) Pencil
(C) Synfig
(D) Flash

(140) ઉબન્ટુમાં CLI પૂરો પાડતા પ્રોગ્રામને કયા નામથી ઓળખવામાં આવે છે?

(A) નોટપેડ
(B) શેલ
(C) ટર્મિનલ
(D) પેઇન્ટ

(141) Base સોફ્ટવેરમાં ક્વેરી બનાવવા માટેની કઈ રીતો ઉપલબ્ધ છે?

(A) Wizard, SQL
(B) SQL, Design view
(C) Wizard, Design View, SQL
(D) SQL Wizard, format view

(142) ડેટાબેઝના ડિઝાઇન ગ્રીડમાં ફિલ્ડના મૂળ નામને બદલે બીજું નામ દર્શાવવા માટે કયા વિકલ્પનો ઉપયોગ થાય છે?

(A) Criterion
(B) Alias
(C) Table
(D) Field

(143) HTML માં Form ટેગની બે અગત્યની લાક્ષણિકતાઓ કઈ છે?

(A) name, id
(B) action, method
(C) method, type
(D) action, src

(144) HTML Form ડ્રોપ ડાઉન મેનું બનાવવા માટે કયા ટેગનો ઉપયોગ થાય છે?

(A) <dropdown>
(B) <list>
(C) <select>
(D) <menu>

(145) HTML માં જાવા સ્ક્રિપ્ટનો કોડ કયા ટેગની વચ્ચે લખવામાં આવે છે?

(A) <script>........</script>
(B) <js> ......... </js>
(C) <code> ..........</code>
(D) <JavaScript> .......... JavaScript>

(146) Form એલિમેન્ટ પર કર્સર લઈ જવા માટે કઈ મેથડનો ઉપયોગ થાય છે?

(A) click ()
(B) Select ()
(C) alert ()
(D) Focus()

(147) વેબપેજ માં કોઈ ફાઈલ કે અન્ય વેબપેજને જોડવા માટે શેનો ઉપયોગ થાય છે?

(A) ઈમેજ
(B) હાઈપરલિંક
(C) લિંક
(D) ફોર્મ

(148) કયું સોફ્ટવેર FTP ક્લાયન્ટનું ઉદાહરણ છે?

(A) file zilla
(B) mozilla
(C) chroma
(D) Base

(149) Amazon અને flipkart એ કયા મોડેલના ઉદાહરણો છે?

(A) B2C
(B) B2B
(C) C2C
(D) G2C

(150) ગુજરાત સરકારની કઈ ઓનલાઈન સિસ્ટમ જમીનના રેકોર્ડ જાળવવા માટે વપરાય છે?

(A) ઇ-શાન
(B) ઇ-ધરા
(C) ઇ-જમીન
(D) ઇ-નામ

(151) કમ્પોઝર (KompoZer) માં CSS style sheets ડાયલોગ બોક્સમાં જમણી બાજુએ કુલ કેટલા મુખ્ય વિભાગો જોવા મળે છે ?

(A) 5 (પાંચ)
(B) 6 (છ)
(C) 7 (સાત)
(D) 8 (આઠ)

(152) જાવા સ્ક્રિપ્ટના ગુણધર્મોના સંદર્ભમાં નીચેના વિધાનો તપાસો.

વિધાનઃ A જાવા સ્ક્રિપ્ટ એ કેસ સેન્સિટીવ ભાષા છે.

વિધાનઃ B જાવા સ્ક્રિપ્ટમાં દરેક વિધાનના અંતે અર્ધવિરામ મૂકવું ફરજિયાત છે.

(A) વિધાન A અને વિધાન B બંને સાચા છે.
(B) માત્ર વિધાન A સાચું છે.
(C) માત્ર વિધાન B સાચુ છે.
(D) વિધાન A અને વિધાન B બંને ખોટા છે.

(153) સ્ક્રિપ્ટમાં જ્યારે એકથી વધુ ઉત્પાદનોની વિગતોને યાદીમાં સંગ્રહિત કરવાની હોય ત્યારે દરેક ઉત્પાદનની સંપૂર્ણ વિગતને એકબીજાથી અલગ પાડવા માટે કયા ચિહ્નનો ઉપયોગ થાય છે?

(A) અલ્પવિરામ (,)
(B) વિસર્ગ (:)
(C) ડોટ (.)
(D) પાઈપ (|)

(154) ગુજરાત સરકાર દ્વારા નાગરિકોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓની માહિતી પૂરી પાડવા માટે કયા નેટવર્કનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) GSWAN
(B) GWAN
(C) GINET
(D) G-LAN

(155) ઈ-કોમર્સ સિસ્ટમમાં 'અધિકૃતતા' (Authorization) પ્રસ્થાપિત કરવા માટેનો સૌથી સામાન્ય અને પ્રાથમિક માર્ગ કયો છે ?

(A) ડિજિટલ સહી
(B) લોગ-ઈન અને પાસવર્ડ
(C) ક્રેડિટ કાર્ડ નંબર
(D) એન્ટિવાયરસ સોફ્ટવેર

(156) ઈન્ટરનેટના માધ્યમથી જ્યારે કોઈ અજાણી વ્યક્તિ બાળક સાથે મિત્રતા કેળવી તેનો વિશ્વાસ જીતી લે છે અને બાદમાં અનૈતિક માંગણીઓ કે બ્લેકમેઈલ કરે છે, ત્યારે આ ગુનાહિત પ્રક્રિયાને શું કહેવામાં આવે છે ?

(A) સાયબર બુલિંગ (cyber bullying)
(B) સાયબર ગૂમિંગ (cyber grooming)
(C) ફિશિંગ (Fishing)
(D) સ્પામિંગ (spamming)

(157) જ્યારે કોઈ વ્યક્તિ ઇ-મેઇલમાં ખોટી ઓળખ આપી (દા.ત. સંસ્થાના CEO તરીકે) ઉપયોગકર્તા પાસે પાસવર્ડ જેવી મહત્વની વિગતોની માંગણી કરે, ત્યારે તે પ્રક્રિયાને તકનીકી રીતે શું કહેવાય?

(A) ઇ-મેઇલ સ્ક્રિપ્ટીંગ
(B) ઇ-મેઇલ સ્પૂફિંગ
(C) ઇ-મેઇલ ફોરમેટીંગ
(D) ઇ-મેઇલ બ્લોકિંગ

(158) ઓબ્જેક્ટ આધારિત સોફ્ટવેરની પ્રતિકૃતિ (model) તૈયાર કરવા માટે વપરાતી 'દૃશ્ય' (visual) મોડેલિંગ ભાષા UMLનું પૂર્ણ નામ શું છે?

(A) United Modeling Language
(B) Unified Modeling Language
(C) Unique Modeling Language
(D) Universal Modeling Language

(159) UML સંકેતલિપિમાં દશ્યતા અને તેના માટે વપરાતા ચિહ્નોના સાચા જોડકા જોડો.

| | વિભાગ 1 (દશ્યતા) | | વિભાગ 2 (સંકેત) |
|---|---|---|---|
| 1. | જાહેર (public) | i | - |
| 2. | અંગત (private) | ii | # |
| 3. | સુરક્ષિત (protected) | iii | + |
| 4. | પેકેજ (package) | iv | ~ |

(A) (1-i), (2-ii), (3-iii), (4-iv)
(B) (1-iv), (2-iii), (3-ii), (4-i)
(C) (1-iii), (2-ii), (3-iv), (4-i)
(D) (1-iii), (2-i), (3-ii), (4-iv)

(160) જાવામાં આપણે અન્ય મેથડને પ્રોગ્રામના ડેટાની કિંમતમાં ફેરફાર કરવાની પરવાનગી આપવા ઈચ્છતા હોઈએ, તો કયા પ્રકારની મેથડ વ્યાખ્યાયિત કરવી જોઈએ?

(A) એક્સેસર મેથડ
(B) મ્યુટેટર મેથડ
(C) સ્ટેટિક મેથડ
(D) કન્સ્ટ્રક્ટર મેથડ

(161) જાવા પ્રોગ્રામિંગમાં જો કોઈ દ્વિપરિમાણિય એરે (2-D array) ને link mark [ ] [ ] = New int [s][3]; તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે તો આ એરેમાં કુલ કેટલીપૂર્ણાંક કિંમતોનો (Integer values) સંગ્રહ કરી શકાય?

(A) 8
(B) 15
(C) 60
(D) 53

(162) ગુગલ નકશામાં જ્યારે આપણે રસ્તાઓ અને ઈમારતોને વાસ્તવિક તસવીર સ્વરૂપે જોવા ઈચ્છતા હોઈએ, તો કયા બટન પર ક્લિક કરવું જોઈએ?

(A) map view
(B) satellite
(C) traffic
(D) terrain

(163) HTML form માં text box બનાવવા માટે કયો input type વપરાય છે ?

(A) radio
(B) checkbox
(C) text
(D) password

(164) CSS નો સંપૂર્ણ અર્થ શું છે ?

(A) Computer Style Sheets
(B) Cascading Style Sheets
(C) Creative Style System
(D) Cascading Sheet System

(165) CSS rule ની મૂળભૂત રચના શું છે ?

(A) selector {property:value:}
(B) property {selector:value;}
(C) selector:value;property
(D) value {selector:property}

(166) Java Script નો ઉપયોગ મુખ્યત્વે શું કરવા થાય છે ?

(A) વેબ પેજને ડાયનામિક બનાવવા
(B) ડેટાબેઝ બનાવવા
(C) સર્વર ડિઝાઈન કરવા
(D) ઓપરેટિંગ સિસ્ટમ બનાવવા

(167) વેબ પેજને ઇન્ટરનેટપર ઉપલબ્ધ કરાવવાની પ્રક્રિયાને શું કહેવામાં આવે છે?

(A) Hosting
(B) Publishing
(C) Browsing
(D) Designing

(168) વેબસાઇટને સર્વર પર મોકલવા માટે કયો પ્રોટોકોલ ઉપયોગમાં લેવાય છે ?

(A) HTTP
(B) SMTP
(C) FTP
(D) TCP

(169) નીચેનામાંથી કયું ઇ-કોમર્સ એપ્લિકેશન છે ?

(A) Electronic Newspaper
(B) Compiler
(C) Scanner
(D) Printer

(170) ઇ-કોમર્સની મર્યાદા કઈ છે ?

(A) સુરક્ષા સમસ્યા
(B) વધુ ઝડપ
(D) સરળ વ્યવહાર
(E) વૈશ્વિક બજાર

(171) M-commerce નો પૂર્ણ અર્થ શું છે ?

(A) Mobile Communication
(B) Mobile Commerce
(C) Modern Commerce
(D) Machine Commerce

(172) M-commerce નો સૌથી મોટો લાભ કયો છે ?

(A) સમયની મર્યાદા
(B) ગતિશિલતા
(C) વધારે ખર્ચ
(D) ઓછું સુરક્ષા

(173) ઈ-કોમર્સ અને M-કોમર્સમાં સુરક્ષા માટે કઈ પદ્ધતિ ઉપયોગી છે ?

(A) Encryption
(B) Compilation
(C) Compression
(D) Animation

(174) Encapsulation નો અર્થ શું છે ?

(A) ડેટા અને મિથોડને એક સાથે બાંધી રાખવી
(B) ડેટા કાઢી નાખવો
(C) પ્રોગ્રામ ડિબગ કરવો
(D) ડેટાબેઝ બનાવવો

(175) Data Abstraction નો મુખ્ય હેતુ શું છે ?

(A) બધા ડેટા બતાવવો
(B) જરૂરી માહિતી જ દર્શાવવી
(C) ડેટા ડિલીટ કરવો
(D) પ્રોગ્રામ બંધ કરવો

(176) Java bytecode ને ચલાવવા માટે કયો interpreter ઉપયોગ થાય છે ?

(A) JVM (B) JDK (C) JRE (D) Editor

(177) નીચેનામાંથી કયો Java નો primitive data type છે ?

(A) string (B) array (C) int (D) object

(178) નીચેનામાંથી visibility modifier કયું છે ?

(A) public
(B) static
(C) final
(D) class

(179) 1-D Array બનાવવા માટે યોગ્ય syntax કયું છે ?

(A) 'in marks;'
(B) 'int marks[];'
(C) 'array int marks;'
(D) 'marks int[];'

(180) Date class કયા package માં આવેલ છે ?

(A) jav(a)io
(B) jav(a)lang
(C) jav(a)util
(D) jav(a)sql

(181) ઇ-લર્નિંગમાં અધ્યયન પ્રક્રિયા જીવંત (lively) રહેવાને બદલે 'યાંત્રિક' (mechanical) બની જાય છે. આ પરિસ્થિતિ પાછળનું મુખ્ય મનોવૈજ્ઞાનિક કારણ કયું છે?

(A) ટેક્નીકલ સાધનોનો વધુ પડતો ઉપયોગ

(B) વિદ્યાર્થીઓમાં ટેક્નીકલ કૌશલ્યનો અભાવ

(C) માનવીય સંવેદનાઓ અને સામાજિક આંતરક્રિયાની ગેરહાજરી

(D) અભ્યાસક્રમની જટિલતા

(182) એક કમ્પ્યૂટર શિક્ષક તરીકે તમે 'કમ્પ્યૂટર આસિસ્ટેડ લર્નિંગ' (CAL)નો ઉપયોગ માત્ર વિષયવસ્તુ શીખવવા પૂરતો મર્યાદિત ન રાખતા, તેના વ્યાપક અર્થમાં નીચેનામાંથી કઈ પ્રવૃત્તિનો સમાવેશ કરશો?

(A) માત્ર ડેટા એન્ટ્રીનું કાર્ય

(B) પ્રોજેક્ટ, સેમિનાર અને કોન્ફરન્સ જેવી શૈક્ષણિક પ્રયુક્તિ

(C) ગેમ્સ રમવાની છૂટ આપવી

(D) કમ્પ્યૂટર સ્પેરપાર્ટ્સ રીપેર કરવા

(183) એક શિક્ષક તરીકે જ્યારે તમે વર્ગખંડમાં ઇ-લર્નિંગ જેવી નવી પદ્ધતિ દાખલ કરવા માગતા હોય, અને સમાજમાં અપરિવર્તનશીલ માનસિકતા' જોવા મળે ત્યારે તેને દૂર કરવાનો શ્રેષ્ઠ મનોવૈજ્ઞાનિક માર્ગ કયો છે?

(A) બળપૂર્વક પદ્ધતિનો અમલ કરવો

(B) જૂની પદ્ધતિની ટીકા કરવી

(C) નવી પદ્ધતિ અપનાવવાથી થતા શૈક્ષણિક લાભના પ્રત્યક્ષ પુરાવા રજૂ કરવા

(D) માત્ર ટેક્નીકલ સાધનોનું પ્રદર્શન કરવું

(184) ઇન્ટરનેટના માધ્યમથી વિદ્યાર્થીઓ પોતે જ નવું જ્ઞાન મેળવતા થાય તે માટે શિક્ષકની કઈ ભૂમિકા સૌથી વધુ પાયાની ગણાય છે?

(A) માહિતીની સીધી નકલ કરવી

(B) સ્વ-અધ્યયન માટે જરૂરી પ્રેરણા પૂરી પાડવી

(C) માત્ર વેબસાઇટના નામ લખાવવા

(C) કમ્પ્યૂટર લેબમાં ગેમ્સ રમાડવી

(185) વર્ગખંડમાં કમ્પ્યૂટરનો ઉપયોગ કરવાથી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય છે. આ સુધારા પાછળનું મુખ્ય શિક્ષણશાસ્ત્રીય (pedagogical) કારણ કયુ છે?

(A) તે પાઠ્યપુસ્તકની અવેજીમાં કામ કરે છે.

(B) તેનાથી શિક્ષકની મહેનત ઓછી થાય છે.

(C) વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રક્રિયામાં સક્રિય 'ભાગીદાર' બને છે અને તેમનું ધ્યાન કેન્દ્રિત થાય છે.

(D) તે માત્ર તેજસ્વી વિદ્યાર્થીઓ માટે જ ઉપયોગી છે.

(186) બ્લોગ પર વિદ્યાર્થીઓને એકબીજાના લખાણ પર તંદુરસ્ત કોમેન્ટ કરવા પ્રોત્સાહિત કરવાથી તેમનામાં કયા પ્રકારના ઉચ્ચ સ્તરીય કૌશલ્યનો વિકાસ કરી શકાય છે?

(A) માત્ર લેખન કૌશલ્ય

(B) વિવેચનાત્મક કૌશલ્ય

(C) માત્ર વાંચન કૌશલ્ય

(D) સંગ્રહ કરવાની શક્તિ

(187) 'કમ્પ્યૂટર વ્યવસ્થાપિત અનુદેશન' (Computer Managed Instruction) નીચેનામાંથી કયા શૈક્ષણિક ખ્યાલ પર મુખ્યત્વે આધારિત છે?

(A) વ્યાખ્યાન પદ્ધતિ

(B) નિદર્શન પદ્ધતિ

(C) નિપુણતા માટેનું અધ્યયન

(D) પ્રોજેક્ટ પદ્ધતિ

(188) ઇ-લર્નિંગ એ વર્ગશિક્ષણ માટે શું ગણાય?

(A) વર્ગશિક્ષકનો પૂરક છે.

(B) વર્ગશિક્ષકનો પર્યાય છે.

(C) વર્ગશિક્ષક માટે બિનજરૂરી છે.

(D) વર્ગશિક્ષણનો વિરોધી છે.

(189) દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીની કઈ ક્ષમતાને ઉદ્દીપ્ત કરવાની શક્તિ હોવી જોઈએ?

(A) લેખન ક્ષમતા
(B) બૌદ્ધિક ચિંતન
(C) માત્ર શ્રવણ શક્તિ
(D) ચિત્રકામ કૌશલ્ય

(190) વ્યક્તિક તફાવતો' (Individual difference) ધરાવતા વર્ગખંડમાં દરેક વિદ્યાર્થી પોતાની શીખવાની ઝડપ (speed) મુજબ અભ્યાસ કરી શકે તે માટે શિક્ષકે શેને પ્રોત્સાહન આપવું જોઈએ?

(A) સમૂહ પ્રાર્થના
(B) ફરજિયાત લેક્ચર
(C) એક સાથે ટાઈપીંગ ટેસ્ટ
(D) સ્વ-અધ્યયન અને ગતિ પ્રમાણે કાર્ય

(191) એક શિક્ષક માને છે કે 'કમ્પ્યૂટર શીખવી શકે' તેના કરતા 'કમ્પ્યૂટર દ્વારા શિક્ષક અસરકારક અધ્યાપન કરી શકે' તે વધુ યોગ્ય છે. આ વિધાન કયા પ્રકારના શિક્ષણને પ્રોત્સાહન આપે છે?

(A) કમ્પ્યૂટર સંચાલિત અધ્યાપન
(B) શિક્ષક દ્વારા આદરાયેલ અધ્યાપન
(C) સ્વ અધ્યયન
(D) યંત્રવત શિક્ષણ

(192) Multimedia production ના stages શીખવવા માટે કઈ શિક્ષણ પદ્ધતિ યોગ્ય છે?

(A) ચર્ચા પદ્ધતિ
(B) શ્રુતલેખન પદ્ધતિ
(C) પુનરાવર્તન પદ્ધતિ
(D) અનુવાદ પદ્ધતિ

(193) DBMS સમજાવવા માટે શિક્ષકે શું કરવું જોઈએ ?

(A) માત્ર પુસ્તક વાંચવુ
(B) ઉદાહરણ સાથે સમજાવવું
(C) પ્રશ્નો પૂછવા નહિ
(D) માત્ર લખાવવું

(194) Field properties સમજાવવા માટે શ્રેષ્ઠ શિક્ષણ પદ્ધતિ કઈ છે ?

(A) નિદર્શન તેમજ પ્રેક્ટિસ
(B) માત્ર વ્યાખ્યાન મારફતે
(C) માત્ર વાંચન વાંચીને
(D) લખાવીને

(195) જો વિદ્યાર્થીઓને "Cloud Computing" વિષય પર ગ્રુપમાં માહિતી એકત્રિત કરીને પ્રેઝન્ટેશન બનાવવાનું કહેવામાં આવે, તો કઈ પદ્ધતિ કહેવાય ?

(A) પ્રોજેક્ટ પદ્ધતિ
(B) પ્રશ્નોત્તરી પદ્ધતિ
(C) વ્યાખ્યાન પદ્ધતિ
(D) નિબંધ પદ્ધતિ

(196) વેબસાઈટ પબ્લિશીંગ વિષય સમજાવવા માટે શિક્ષકે કઈ શિક્ષણ સહાયનો ઉપયોગ કરવો?

(A) બ્લેકબોર્ડ
(B) પ્રોજેક્ટર અને કમ્પ્યૂટર
(C) નકશો
(D) ચાર્ટ

(197) Online Banking વિષય સમજાવવા માટે કઈ શૈક્ષણિક સાધન સૌથી સારું ?

(A) Video Demonstration
(B) Chalk only
(C) Chart only
(D) Notebook

(198) Programming concept શીખવા માટે વિદ્યાર્થીઓનો program લખવાનું આપવું એ કઈ પદ્ધતિ છે ?

(A) Drill method
(B) Practical method
(C) Story method
(D) Dictation method

(199) ઇ-લર્નિંગમાં વિષયવસ્તુને વધુ અસરકારક બનાવવા તે કયા સ્વરૂપે ઉપલબ્ધ હોય છે?

(A) માત્ર મુદ્રિત
(B) મલ્ટીમિડિયા
(C) હસ્તલિખિત
(D) માત્ર ઓડિયો

(200) કમ્પ્યૂટર પ્રેક્ટિકલ શીખવતી વખતે શિક્ષકની ભૂમિકા શું હોવી જોઈએ?

(A) માત્ર વાંચન કરાવવું
(B) માર્ગદર્શન આપવું
(C) વિદ્યાર્થીઓને કામ ન કરાવવું
(D) ફક્ત નોંધ લખાવવી

◆◆◆